વડાપ્રધાન મોદીના આત્મનિર્ભરના સંકલ્પને સાકાર કરવાના અભિયાનનો સી.આર. પાટીલે પ્રારંભ કરાવ્યો

સુરત, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત સંકલ્પ હેઠળ " ઘર ઘર સ્વદેશી , હર ઘર સ્વદેશી " સૂત્રના સ્ટીકર રિટેલ દુકાનો પર લગાવી સ્વદેશી અને વોકલ ફોર લોકલ અભિયાનની શરૂઆત આજથી કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના હસ્તે કરાઈ હતી.

ગુજરાત પ્રદેશ ભાજપની આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન સંદર્ભે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપરાંત કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ હાજર રહ્યા હતા. દરમિયાન 25 સપ્ટેમ્બરથી 25 ડિસેમ્બર સુધી ઘર-ઘર સ્વદેશી હર ઘર સ્વદેશી અભિયાન હાથ ધરવાનું આહવાન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત નવરાત્રી અને દિવાળી જેવા તહેવારો પર "આત્મનિર્ભર ભારત"ની થીમ પર ડેકોરેશન કરાશે ,અને સ્વદેશી ઉત્પાદનોના સ્ટોલ લગાવવામાં આવશે. દિવાળીના તહેવાર દરમિયાન લોકોને વિદેશી લાઈટિંગને બદલે દીવા અને સ્વદેશી ઉત્પાદનો ખરીદવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. જેના ભાગરૂપે આજે કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે અંબાનગર સ્થિત તેમના કાર્યાલયની પાસે આવેલી દુકાનો પર" ઘર ઘર સ્વદેશી , હર ઘર સ્વદેશી "સૂત્રના સ્ટીકર રિટેલ દુકાનો પર લગાવી સ્વદેશી અને વોકલ ફોર લોકલ અભિયાનની શરૂઆત કરી હતી.આ કાર્યક્રમ પ્રસંગે ધારાસભ્ય સંગીતા પાટીલ, મેયર દક્ષેશ માવાણી, ભાજપ શહેર પ્રમુખ પરેશ પટલે, મનપાના સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ સહીતના મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

ઘર ઘર સ્વદેશી, હર ઘર સ્વદેશી સૂત્રો લખેલા સ્ટીકરો દુકાનો ઉપર લગાડવામાં આવ્યા

ભરૂચના જંબુસરમાં રાત્રે મનરેગા યોજનાના કામોનું નિરીક્ષણ કરવા ગયેલી ટીમનો ગ્રામજનોનો વિરોધ

ભરૂચ, તા.૨૩

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના વડ ગામમાં મનરેગા યોજના હેઠળ થયેલા કામોમાં ભ્રષ્ટાચાર થયો હોવાની બુમો અને આરોપ સાથે કોંગ્રેસ અને ગ્રામજનો દ્વારા વિરોધ કરી નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી હતી.જે બાદ અચાનક રાત્રે તપાસ કરવા આવેલી તંત્રની ટીમ સામે ગ્રામજનો એ હોબાળો મચાવ્યો હતો.

જંબુસરના વડ ગામમાં ગત રોજ રાત્રે મનરેગા યોજના હેઠળ થયેલા કામોનું નિરીક્ષણ કરવા માટે મનરેગા ની ટીમ પહોંચી હતી.વડ ગામના સરપંચ ને સાથે લઈ ટીમ દ્વારા રાત્રે અંધારામાં મનરેગા યોજના હેઠળ થયેલા કામોના સેમ્પલ લેવામાં આવી રહ્યા હતા. જે અંગેની જાણ ગ્રામજનોને થતાં ગ્રામજનોએ રાત્રે તપાસ કરી ભ્રષ્ટાચારને દબાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની બુમો પાડી તપાસ કરી રહેલી તંત્રની ટીમ પર

ચેકિંગ કરવા આવેલી ટીમે ખાડા ખોદી પથ્થરો નાખી સેમ્પલ લેતી વેળા ગ્રામજનોએ હોબાળો કર્યો, ભ્રષ્ટાચારમાં પડદો પાડવા ખેલ કરાતો હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

આક્ષેપ મૂકી વિરોધ કરતા રાત્રે થઈ રહેલું નિરીક્ષણ કાર્ય અટકાવ્યું હતું.જે બાદ આજ રોજ ફરી થી ગ્રામજનોની હાજરીમાં વડ ગામમાં થયેલા મનરેગા કામોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

રાત્રિ તપાસ કરવા આવેલી ટીમ પર ગ્રામજનો એ વિડિયો પુરાવા સાથે આક્ષેપ મૂક્યો છે કે, અધિકારી ઓ ખાડા ખોદી પોતાની સાથે લાવેલા પથ્થરો નાખી રહ્યા હતા અને તે જ સ્થળે થી સેમ્પલ લઈ રહ્યા હતા.હોબાળાને કારણે અધિકારીઓની ટીમને રાત્રે સ્થળ છોડવું પડયું હતું. આજે દિવસે ફરીથી તપાસ હાથ ધરવામાં આવી હતી. ગ્રામજનો દ્વારા આ તપાસ સામે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ગ્રામજનોએ હલ્લાબોલ કરતા જણાવ્યું હતું કે જે જગ્યાએ કામો થયા જ નથી, તે જગ્યાના સેમ્પલ લેવામાં આવ્યા નથી અને બીજી યોજનાના કામો બતાવી તપાસને દબાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી સંદિપ માંગરોલાએ સરકાર પણ ગંભીર આરોપ મૂકતા જણાવ્યું હતું કે, સરકાર અને તંત્ર ભ્રષ્ટાચારને છૂપાવવાનો પ્રયાસ કરી રહી છે.ભાજપ સરકાર પારદર્શક તપાસ કરવા માંગતી નથી. જો નિષ્પક્ષ તપાસ કરવામાં નહિ આવશે તો આગામી સમયમાં જનતા સાથે રસ્તા પર ઉતરીને આંદોલન કરવામાં આવશે.

(તસવીર : ચંદ્રકાંત સોલંકી)

ગણદેવી મેંધર ગામે દરિયાઈ સુરક્ષા અંગે બેઠક મળી

બીલીમોરા, તા.૨૩

નવસારી જિલ્લામાં દરિયાઈ સુરક્ષા માટે મરીન ટાસ્ક ફોર્સ, મરીન સેકટર લીડરની કચેરી દ્વારા ગણદેવી તાલુકાના મેંધર ગામે દાણચોરી-કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા હેતુસર ગ્રામજનો સાથે બેઠક યોજાઈ હતી. પોલીસ ઈન્સ્પેકટર યુ.જે.પટેલ, પોલીસ સબ ઈન્સ્પેકટર એ.જે.ગામિત અને મેંધર ગામના સરપંચ નિલેશ ટંડેલ તેમજ ગામ આગેવાનોની ઉપસ્થિતિમાં બેઠકમાં દરિયાઈ માર્ગ થતી વિવિધ આંતકવાદી પ્રવૃત્તિઓ અટકાવવા, વિસ્તારમાં શંકાસ્પદ હિલચાલ તેમજ દરિયાકાંઠા વિસ્તારમાંથી મળી આવતા શંકાસ્પદ શખ્સોની હિલચાલ, શંકાસ્પદ બોટ, વસ્તુ, ડ્રગ્સ પેકેટ્સ, બેગ, તથા ડ્રોન જોવા મળે તો તાત્કાલીક જાણ કરવાની સુચનાઓ આપવામાં આવી હતી. તેમજ દાણચોરી તેમજ કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા સહિત દરિયાકિનારાના રહેવાસી તરીકે સતત જાગૃત રહેવા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મરીન ટાસ્ક ફોર્સ દ્વારા કરવામાં આવતી કામગીરી બાબતે ગ્રામજનોને માહિતગાર કરાયા હતાં.

(તસવીર : મનોજ બાથેજા)

વાપીના સમાજસેવક કિરણ રાવલે ૭૬ બાળકોને લેખન સામ્રગી ભેટમા આપી

વાપી, તા.૨૩

વાપીના સમાજ સેવક કિરણ રાવલ દ્વારા મધ્યમ વર્ગીય પરિવારોના સ્કૂલમાં અભ્યાસ કરતા ૭૬ બાળકોને ૧૫૦ ડઝન ફૂલસ્કેપ નોટબુકોનું નિઃશુલ્ક વિતરણ કરવામા આવ્યુ હતુ. દરેક બાળકને લગભગ ૨ ડઝન એ4 સાઈઝની મોટી ફૂલસ્કેપ નોટબૂકો તેમજ પેન્સિલ અને બોલપેનના પેકેટનું પણ નિઃશુલ્ક વિતરણ કરાતા બાળકોના મોઢે સ્મિત રેડાયુ હતુ.

સુરતના વેપારી સાથે ૨.૩૩ કરોડની ઠગાઈમા વલસાડના કાર્તિકેય ગરાસીયાની ધરપકડ

સુરત, તા.૨૩

અડાજણ સ્વામીનારાયણ મંદીર પાસે રીવેરા ટાવરમાં રહેતા મનુ મોહન સોજીત્રાએ વર્ષ ૨૦૧૯માં આરોપી કાર્તિકેય શંકરલાલ ગરાસિયા વિરૂદ્ધ (રહે.દદારી ફળિયું, પ્રાથમિક શાળાની સામે, નાની ઢોળડુંગરી, ધરમપુર,વલસાડ) ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, આરોપી કાર્તિકેય ગરાસિયાએ ફરિયાદી મનુ સોજીત્રાની વેન્ચુરા એર કનેક્ટ લી. કંપનીને એરક્રાફ્ટ ખરીદી આપવાનો વાયદો કર્યો હતો. અને કંપની પાસેથી કાર્તિકેય ગરાસિયાએ એરક્રાફ્ટ ખરીદી આપવાના બહાને રૂ.૩.૫૨ કરોડ મેળવ્યા હતા. જેમાંથી રૂ.૧.૬૪ કરોડ પરત આપ્યા હતા અને એર ક્રાફ્ટની ડિલીવરી કરી આપી ન્હોતી. તદુપરાંત બાકીના નિકળતા રૂ.૨.૩૩ કરોડ પણ કાર્તિકેય ગરાસિયાએ નહી આપી છેતરપિંડી કરી હતી. તેની વિરૂદ્ધ ફરિયાદ થતા ફરાર થઈ ગયો હતો. કાર્તિકેય વિરૂદ્ધ એલઓસી નોટિસ જારી કરવામાં આવી હતી. દરમિયાન તે મુંબઈ એરપોર્ટ ઉપર દેખાતા તેની અટકાયત કરવામાં આવી હતી. ત્યારબાદ મુંબઈ પોલીસે ઉમરા પોલીસને જાણ કરતા કાર્તિકેયની ધરપકડ કરાઈ હતી.

-: જાહેર નોટીસ :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા પલસાણાના મોજે ગામ તાંતીથૈયામાં આવેલી બિનખેતીની જમીનો જેનો અનુક્રમે બ્લોક નંબર : ૨, ૪, ૫, ૧૧-અ, ૧૩-અ, ૧૪, ૧૫, ૧૬, ૩૯, ૪૦-અ, ૪૧, ૪૨, ૪૩, ૧૫૭, ૩૨૩-અ, ૩૨૫, ૩૨૬ થી નોંધાયેલ બિનખેતીની જમીનો એકત્રીકરણ કરીને નવો બ્લોક નંબર - ૨ આપવામાં આવેલ છે તે બિનખેતીની જમીન ઉપર આયોજન કરવામાં આવેલ "સોની પાર્ક હાઉસીંગ સોસાયટી ૨ ના નામથી ઓળખાતી સોસાયટીમાં રહેણાંક હેતુ માટે પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૧૦૪ વાળી ક્ષેત્રફળ ૧૫ x ૫૦ ફુટ યાને ૬૯.૭૦ ચો.મી. જમીન તથા પ્લોટ નંબર : ૧૦૫ વાળી ક્ષેત્રફળ ૧૫ x ૫૦ ફુટ યાને ૬૯.૭૦ ચો.મી. જમીન પૈકી દક્ષિણ દિશા તરફની ૧૦ x ૫૦ ફુટ યાને ૪૬.૪૪ ચો.મી. જમીન જે બંને પ્લોટોનું કુલ ક્ષેત્રફળ ૧૧૬.૧૪ ચો.મી. વાળી જમીન તથા જમીન થી આકાશ સુધીના બધા જ હકકો સાથેની મિલકત તથા તેમાં આવેલ રોડ, રસ્તા સી.ઓ.પી. ના વણવહેંચાયેલા હિસ્સાની ૨૦.૫૦ ચો.મી. તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તથા આજુબાજુના તમામ હક્ક, હીત, સંબંધ સહિત કુલ્લે દરોબસ્ત મિલકત ના માલિક રમેશભાઈ બાબુલાલ યાદવ નાઓ ચાલી આવેલ છે. મજકુર મિલકતના નીચે જણાવેલ અસલ વેચાણ દસ્તાવેજ, અસલ રજીસ્ટ્રેશન રસીદ ગેરવલ્લે યાને ગુમ થયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. જેથી જો કોઈ વ્યકિત, સંસ્થા, બેંક કે સરકારશ્રી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક-હિસ્સો, અગ્રહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે દર-દાવો ચાલી આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તે અંગેના લેખિત આધાર-પુરાવા સાથે દિન-૭ માં અમોને નીચેના સરનામે લેખિત જાણ કરવી. મુદત વિત્યેથી સદરહુ મિલકત અંગે કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ખોવાઈ ગયેલ અસલ વેચાણ દસ્તાવેજની વિગત

જગદીશભાઈ હરજીભાઈ જોલીયા તથા અન્ય નામનો અસલ વેચાણ દસ્તાવેજ નં.૧૧૦૨૭ તા.૦૩/૦૯/૨૦૧૬ તથા અસલ રજીસ્ટ્રેશન ની રસીદ

ઓફિસ : ૧/૧૨૩૫, બીજો માળ, વી.જી.પી સદન, માણેકજી સ્ટ્રીટ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત મો. ૯૮૨૨૪૭૬૦૦૭

નયનસીંગ બી. રાજપુત
તે રમેશભાઈ બાબુલાલ યાદવ એડવોકેટ

HDFC BANK | **HDFC Bank Ltd.** કબજા નોટીસ | ૨૦૧-૨૦૪, રીદ્ધી શોપર્સ, ઈમ્પીરીયલ સ્કવેરની સામે, અડાજણ-હજીરા રોડ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯. ફોન: ૦૨૬૧-૪૧૪૧૨૧૨

આથી એચડીએફસી બેંક લીમીટેડ (અગાઉ એચડીએફસી લીમીટેડ જેનું તા.૧૭મી માર્ચ ૨૦૨૩ના રોજ માનનીય NCLT- મુંબઈ દ્વારા મંજૂર કરાયેલ એકીકરણ યોજના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથેના જોડાણ થયા મુજબ) (એચડીએફસી) ના અધિકૃત અધિકારી હોવાથી સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (જે કાયદો)ના અને કલમ ૧૩ (૧૨)ના નિયમ ૩ અન્વયે મળેલી સત્તાની રૂએ તથા કલમ ૧૩(૨) હેઠળ કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનિધીઓ લોનની બાકી પડતી લેણી જે નીચે મુજબ તેઓના નામ સામે જણાવેલ છે તે સહીત પુરેપુરી લોનની ભરપાઈ કરવા ૬૦ દિવસની ડીમાન્ડ નોટીસ પાઠવી હતી. તદ્ઉપરાંત લોનની ચૂકવણી/વસુલાતની તારીખ સુધી લાગુ પડતુ ભવિષ્યનું વ્યાજ,ઈન્સીડેન્શીયલ એકસ્પેન્સ,ખર્ચા/ચાર્જીસ વગેરે સહિતની રકમ ભરપાઈ કરવાની રહેશે.

ક્રમ નં.	કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનિધીઓના નામ	તારીખના રોજ ચુકવવાના બાકી લેણા રૂ.	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ/ પ્રત્યક્ષ/સાંકેતિક	સ્થાવર મિલકત/તો સીકયોર્ડ એસેટસ્ નું વર્ણન.
૧.	શ્રી બ્રેનજી સુકેશકુમાર (કરજદાર), શ્રીમતિ બ્રેનજી શિલ્પી (સહ-કરજદાર) ૧૯૭૬૧૩-૬૩૭૬૮૮૧૬૪, ૬૨૬૩૭૪૭૯૫, ૬૩૮૩૦૧૮૫૭	રૂા.૧૦,૦૩,૧૬૦/-, રૂા.૭૯,૪૧૯/-, રૂા.૨૬,૨૪૩/- ૩૧-મે-૨૦૨૫ ના રોજ	૨૬-જુન-૨૦૨૫	સાંકેતિક કબજો ૧૮/૦૯/૨૦૨૫	ફલેટ-૭૦૬, સાતમો માળ, સ્પ્રિંગ સીટી-સી (એકવા-એ), સર્વે નં. ૧૮૬/૧, ૧૮૭/૨,૧૮૬/૩,૧૮૫/૧,૧૮૭/૧,૧૮૮ અને ૧૮૯, મસાત, સાઈ નગર પહેલા, દાદરા અને નગર હવેલી- ૩૬૬૨૩૦.
૨.	શ્રી રૂપેશ કુમાર સિંહ (કરજદાર), શ્રીમતિ પ્રિયા સિંહ (સહ-કરજદાર) ૧૯૫૭૬૮-૬૫૯૧૩૮૬૯૬, ૬૫૯૧૩૮૭૦૬, ૬૬૧૧૨૪૯૨૪	રૂા.૪,૯૯,૦૯૫/-, રૂા.૧,૩૮,૩૨૮/-, રૂા.૪,૩૬૫/- ૩૦-એપ્રિલ-૨૦૨૫ ના રોજ	૨૩-મે-૨૦૨૫	સાંકેતિક કબજો ૧૯/૦૯/૨૦૨૫	ફલેટ-૨૦૧, બીજો માળ, રાધે ક્રિષ્ના એપાર્ટમેન્ટ, બિલ્ડીંગ-એ, પ્લોટ નં. ૨૧ અને ૨૩, સી.એસ. નં. ૧૫૨, રેવન્યુ સર્વે નં. ૨૭૮/એ + ૨૯૬ + ૩૦૪ + ૩૦૫/એ/૨ + ૩૦૯/એ/૧, ૩૧૦ જે પ્લોટ નં. સી, આઝાદ કાટા પાસે, એનએચ નં. ૦૮, વાપી-૩૬૬૧૬૧.
૩.	શ્રી યાદવ સુનીલકુમાર રાજનારાયણ (કરજદાર), શ્રીમતિ સ્નેહા કુમારી (સહ-કરજદાર) ૧૯૭૬૮૬-૭૦૨૮૪૧૮૫૦, ૬૯૩૭૧૩૫૭૦	રૂા.૭૦,૯૯૧/-, રૂા.૧૨,૭૩,૬૨૫/- ૩૧-મે-૨૦૨૫ ના રોજ	૧૩-જુન-૨૦૨૫	સાંકેતિક કબજો ૧૯/૦૯/૨૦૨૫	ફલેટ-૫૦૨, પાંચમો માળ, દેવ તપોવન રેસીડેન્સી-બી ૨, સર્વે નં. ૧૭/૧/૧/૩/૧, નવો બ્લોક નં. ૧, પાંચ અંબા, સુથારવાડ, સિધ્ધનાથ મહાદેવ મંદિરથી રસ્તો, વાપી ટાઉન,વાપી-૩૬૬૧૬૧.
૪.	શ્રી બજરંગ લાલ (કરજદાર), શ્રીમતિ રાની બજરંગ લાલ (સહ-કરજદાર) ૧૯૭૬૧૪-૬૩૦૧૭૭૩૭૭, ૬૩૦૫૦૨૩૪૪	રૂા.૯,૫૩,૩૩૬/- રૂા.-૩/- ૩૧-મે-૨૦૨૫ ના રોજ	૨૬-જુન-૨૦૨૫	સાંકેતિક કબજો ૧૯/૦૯/૨૦૨૫	ફલેટ-૩૦૬, ત્રીજો માળ, સહજાનંદ સીએચએસએલ બિલ્ડીંગ-બી, ૮૧૩/૮૧૪, એચ-૨, યાણોદ કોલોની, ભાનુશાલી, વાડી સ્ટ્રીટ, જીઆઈડીસી વાપી-૩૬૬૧૬૧.
૫.	શ્રી ઝા આકાશ કુમાર પી. (કરજદાર) ૧૯૭૬૮૪-૬૨૧૮૨૩૪૯૦	રૂા.૧૪,૪૨,૮૪૧/- ૩૧-મે-૨૦૨૫ ના રોજ	૧૩-જુન-૨૦૨૫	સાંકેતિક કબજો ૧૯/૦૯/૨૦૨૫	બિલ્ડીંગ-એફ,ફલેટ-૦૭,ગ્રાઉન્ડ, નંદનધામ સીએચએસએલ,રેવન્યુ સર્વે નં. ૩૦૮/૨/ એબી/એચ, બાલાજી ટાવર્સ, દમણ રોડ, ગામઃ ચલા, વાપી-૩૬૬૧૬૧.
૬.	શ્રી સિંહ સંતોષકુમાર (કરજદાર) ૧૯૫૦૭૨-૬૧૪૫૭૬૮૨૮, ૬૨૦૮૨૨૬૭૦	રૂા.૬,૪૯,૬૪૬/- રૂા.૮૬,૨૨૧/- ૩૦-એપ્રિલ-૨૦૨૫ ના રોજ	૨૩-મે-૨૦૨૫	સાંકેતિક કબજો ૧૯/૦૯/૨૦૨૫	૪૦૫, યોથો માળ, નદંનવન એપાર્ટમેન્ટ-બી, સર્વે નં. ૨૨૫/પી/૧ થી ૪, પ્લોટ નં. ૧૫૯ થી ૧૬૨, હરિયા પાર્ટ, ડુંગરા, સાઈ વિહાર આગળ, વાપી-૩૬૬૧૬૧.
૭.	શ્રી ભંડારી રાજેશભાઈ જગુભાઈ (કરજદાર), શ્રીમતિ ભંડારી અશ્વિનાબેન રાજેશભાઈ (સહ-કરજદાર) ૧૯૭૬૨૬-૬૭૨૫૮૧૯૯૨	રૂા.૧૦,૮૨,૫૦૦/- ૩૧-મે-૨૦૨૫ ના રોજ	૧૩-જુન-૨૦૨૫	સાંકેતિક કબજો ૧૯/૦૯/૨૦૨૫	ફલેટ-એ૧-૨૦૬, બીજો માળ, રાજ સેરેનિટી-એ, (વિંગ- । અને ॥), સર્વે નં. ૩૧૩/એ, શિવ મંદિર સામે, કોપરલી રોડ, રાતા, વાપી-૩૬૬૧૬૧.
૮.	શ્રી પવાર વિજય વસંત (કરજદાર) ૧૯૭૬૨૨-૬૯૦૬૯૭૭૫,૭૦૧૫૯૪૪૩૦	રૂા.૧૨,૫૭૬/- રૂા.૧૮,૦૨,૩૫૮/- ૩૧-મે-૨૦૨૫ ના રોજ	૨૬-જુન-૨૦૨૫	સાંકેતિક કબજો ૧૯/૦૯/૨૦૨૫	ફલેટ-૪૦૬, ચોથો માળ, કૈલાસ એપાર્ટમેન્ટ-બી, સર્વે નં. ૬૧૫/૧-ઈ, ઝિલ હિલ બાર નજીક, ખારીવાડ, નાની દમણ-૩૬૬૨૧૦.
૯.	શ્રી નેરુલકર સંતોષ વિશ્વનાથ (કરજદાર), શ્રીમતિ નેરુલકર ભાવનાબેન સંતોષ (સહ-કરજદાર) ૧૯૭૬૪૬-૬૮૨૭૭૪૧૦,૬૮૦૩૧૭૫૧૦, ૬૮૪૭૩૫૨૭૧, ૬૮૦૩૧૭૫૨૭	રૂા.૫,૫૦,૦૦૧/-, રૂા.૨,૬૮,૮૦૩/-, રૂા.૬૪,૫૦૪/-, રૂા.૩૧,૪૧૬/- ૩૧-મે-૨૦૨૫ ના રોજ	૧૩-જુન-૨૦૨૫	સાંકેતિક કબજો ૧૯/૦૯/૨૦૨૫	ફલેટ-૩૦૨, ત્રીજો માળ, કોર્નર પોઈન્ટ-એ, રેવન્યુ સર્વે નં. ૫૮૫, રોયલ ગાર્ડન રેસ્ટોરન્ટ સામે, ગામઃ ડાભેલ, નાની દમણ-૩૬૬૨૧૦.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનિધીઓ સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનિધીઓ અને જાહેર જનતાને આ સાથે નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એકટની કલમ ૧૩(૪) ને સદરહુ નિયમોના નિયમ ૮ અન્વયે એચડીએફસી ના અધિકૃત અધિકારીને મળેલી સત્તાની રૂએ અહીં અત્રે ઉપર જણાવેલી મિલકતનો સાંકેતિક / પ્રત્યક્ષ કબજો લીધો છે.

આથી કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનિધીઓ અને જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે તેમણે સદરહુ સ્થાવર મિલકત / સલામત મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહી અને કોઈપણ વ્યવહાર એચડીએફસી ના બાકી પડતા લેણાં અને તેના પરના ભવિષ્યના વ્યાજ રકમની વસુલાતને પાત્ર રહેશે.

અહી કરજદાર/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનિધીઓ નું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનિધીઓ પંચનામાની કોપી અને સામગ્રીઓની યાદી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી પાસે ઓફિસના કામકાજના દિવસો અને કામકાજના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી.

તારીખ : ૧૮/૦૯/૨૦૨૫ અને ૧૯/૦૯/૨૦૨૫ — એચડીએફસી બેંક લીમીટેડ વતી,
સ્થળ: સુરત. — અધિકૃત અધિકારી.

Regd. Office: HDFC Bank Ltd., HDFC Bank House, Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai - 400 013
Corporate Identity No.: L65920MH1994PLC080618

ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરતાં અગાઉની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામનાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે **રાજેશભાઈ વસંતભાઈ ટેલર** તેમની મોજે ગામ મરોલીના વેદ ફળીયુ, તા. જલાલપોર જી. નવસારીની ગામતળની મિલકત જેનો ગ્રામ પંચાયત મિલકત રેકર્ડ દફતરે મિલકત નં. ૪૧૩ થી નોંધાયેલ ચાલી આવેલ છે. સદર મિલકત ઉપર રાષ્ટ્રીયકૃત બેંકમાંથી લોન ધિરાણ મેળવવા માંગતા હોય મારી પાસેથી ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરી મારી સમક્ષ ઉપરોકત મિલકતનાં માલિકીની આકારણી આધારો રજુ કર્યો છે. તથા સદર મિલકતના માલિક **રાજેશભાઈ વસંતભાઈ ટેલર** જે **રાજેષભાઈ વસંતભાઈ ટેલર** તથા **રાજુભાઈ વસંતભાઈ ટેલર** તરીકે પણ ઓળખાતા આવેલ છે જે અંગેનું સોગંદનામું હાલના માલિકે મારી સમક્ષ રજૂ કરેલ છે જેથી હાલની આ નોટીસથી તમામનાઓને જણાવવામાં આવે છે કે, ઉપરોકત મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક-હિત, સંબંધ, દર-દાવા વિગેરે હોય તો અથવા અગરતો મજકુર મિલકત ઉપર કોઈ રાષ્ટ્રીયકૃત બેંન્ક, ખાનગી બેંન્ક, સહકારી બેંન્ક, નાણાકીય સંસ્થા, સ્થાનિક સ્વરાજયની સંસ્થા,રાજય સરકાર કે કેન્દ્ર સરકાર વિગેરેનો બીજો અગરતો અન્ય કોઈ રીતે હક્ક-અધિકાર હોય તો તેમને આ નોટિસ પ્રસિધ્ધ થયે **દિન-૭** માં તે અંગેના તમામ દસ્તાવેજી આધારો સાથે મારી રૂબરૂમાં તેવા વાંધાઓ દસ્તાવેજી પુરાવાઓ સાથે રજુ કરવા. જો નિર્ધારિત સમયમાં આવા વાંધાઓ લેખિત સ્વરૂપમાં દસ્તાવેજી પુરાવાઓ સાથે મારી સમક્ષ રજુ કરવામાં નહિ આવશે તો ઉપરોકત મિલકત સંબંધે કોઈનાં કોઈપણ પ્રકારનાં લાગ-ભાગ, હક્ક-હિત, દર-દાવા નથી તેવું માની લઈ અથવા તો તેવા વાંધાઓ જતાં કર્યા છે તેવું ગણી લઈ ઉપરોકત મિલકતનો ટાઇટલ કલીયરન્સ રિપોર્ટ ઇસ્યુ કરવામાં આવશે. નિર્ધારિત સમય-મર્યાદા બાદનાં આવા વાંધાઓ કે મિલકત ઉપરના અધિકારો. — તા.૨૩-૦૯-૨૦૨૫

૧૦૮, વ્યંકેટેશ્વર એપાર્ટમેન્ટ, ડિસ્ટ્રિકટ કોર્ટની સામે, જૂનાથાણા, નવસારી-૩૬૬૪૪૫. — **સંજય શ્રીનિવાસ પ્રધાન** (એડવોકેટ અને નોટરી)

ગુજરાત રાજ્ય, નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર,

ભાવ પત્રક નિવિદા નંબર : ૧ સને,૨૦૨૫-૨૬,

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ઉકાઇ પેટા વિભાગ નં.બ/૧, ઉકાઇ, તા-સોનગઢ,જિ-તાપી (ફોન નં. ૦૨૬૨૪-૨૩૩૨૨૧) દ્વારા નીચે જણાવેલ પ્રકારના કામ કરતી અને રસ ધરાવતી એજન્સીઓ પાસેથી બંધ કવરમાં રજીસ્ટર પો.એડી/સ્પીડ પોસ્ટથી સ્પર્ધાત્મક ભાવ પત્રકો તારીખ ૦૩/૧૦/૨૦૨૫ સુધીમાં મળી જાય તે રીતે મંગાવવામાં આવે છે. મળેલ ભાવ પત્રકો સ્વીકારવા કે નહીં તેનો અધિકાર ખાતા પાસે અબાધિત રહેશે. સદર બાબતે વધુ વિગતો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરી મેળવી શકાય.

Sr.No.	Description	Unit	Rate
1	Providing Tankar service on dam areas for SRP Securlty guard at ukal dam Ta Songadh. Dist Tapi.		
2	Providing laundry service in VIP rest house, chamri rest house and hospital at ukai Ta Songadh Dist Tapi.		

ક્રમાંક માહિતી-સુરત/૮૩૪/૨૦૨૫

પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

વાદી: **શ્રી મહેન્દ્રકુમાર રવજીભાઈ ટંડેલ** — નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં. ૫૧૭/૨૦૨૫
રહે. ૭૭૯/ આર. રાજેન્દ્ર સ્ટ્રીટ, ધોલાઈ, બીગરી, તા. ગણદેવી, જિ. નવસારી — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી
વિરૂધ્ધ — તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, બીગરી, તા. ગણદેવી, જીલ્લો: નવસારી — જિ. નવસારી, As Per E-Sign

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) અન્વયે જન્મ / મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીશ

આથી લાગતા-વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી મહેન્દ્ર